Received on : 07-03-2026
Registered on : 07-03-2026
Decided on : 13-03-2026
Duration : Y M D
- - 06

**જુનાગઢના મે. પાંચમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૧૮૦/૨૦૨૬.</u>**
**આંક-૦૮**

ચંદનકુમાર અક્ષયનકુમાર મોહન્તી,
ઉ.વ.આ. ૨૬, ધંધો-કાંઈનહીં,
રહે. દિહસાઈ, તા. બોત,જી. ભદ્રક,
રાજય ઓડીસા.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ....**અરજદાર/આરોપી**

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૮(૨), ૩૧૬ (૫), ૩૧૯,૩૩૬(૩), ૩૪૦, ૫૪ તથા આઈ. ટી. એકટની કલમ-૬૬(સી), દુરસંચાર અધિનિયમ એકટની કલમ-૪૨(૩)સી મુજબ.

**સંદર્ભ:-** જૂનાગઢ બી-ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૫૭૨/૨૦૨૫.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી એન.જે.ધમાણી.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**-: હુકમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે જૂનાગઢ બી-ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૫૭૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૮(૨), ૩૧૬ (૫), ૩૧૯,૩૩૬(૩), ૩૪૦, ૫૪ તથા આઈ. ટી. એકટની કલમ-૬૬(સી), દુરસંચાર અધિનિયમ એકટની કલમ-૪૨(૩)સી મુજબના ગુનાને કામે હાલના અરજદાર/આરોપી તા. ૦૨-૦૮-૨૦૨૫ થી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્ધાન જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે. પુરોહીત હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક-૦૭ થી રજુ કરેલ છે.

**(૨)** અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્ધાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક-૦૭ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ કરેલ જામીન અરજી વીડ્રો કરેલી અને ચાર્જશીટ બાદ ફોજ. પરચુ. અરજી નં. ૮૧૬/૨૫ થી જામીન અરજી કરેલી જે નામંજુર કરવામાં આવેલી છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીનુ ફરીયાદમાં નામ વર્ણન સુધ્ધા ફરીયાદીએ આપેલ નથી અને અરજદારનો કોઈ રોલ ન હોવા છતાં ખોટી રીતે સંડોવી દીધેલ છે અને ચાર્જ મુજબનો કોઈ ગુન્હો કરેલ

નથી તદ્દન નિર્દોષ છે. વધુમાં અરજદાર/આરોપીએ કોઈ સીમકાર્ડ ખરીદેલ નથી કે વેચેલ નથી કે મોકલેલ, મેળવેલ નથી કે બોગસ દસ્તાવેજ દ્ધારા સીમકાર્ડ ખરીદ કરેલ હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં અરજદાર/ આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા નથી કે અરજદાર/આરોપી પાસેથી આવા કોઈ બોગસ દસ્તાવેજ કે સીમકાર્ડ મળેલ નથી કે સીમકાર્ડનો ઉપયોગ કરી કોઈ સાથે વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી સામેની તપાસ પુર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે તે ચાર્જશીટ તથા સ્ટેટમેન્ટ જોતા અરજદાર/આરોપીને સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો નથી. વધુમાં રજુઆત છે કે, આ ગુન્હાના અન્ય આરોપીઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે જેથી પેરીટીનો લાભ આપી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે,અરજદાર/આરોપી જણાવેલ સરનામે રહે છે, કુટુંબની જવાબદારીવાળા છે, કયાંય નાસી-ભાગી જાય તેમ નથી, શરતો પાળવા અને જામીન આપવા તૈયાર છે જે તમામ હકીકતે અરજદાર/ આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકાર તરફે વિદ્ધાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી નં.-૧, ૨ નાએ પોતાની દુકાને આવતા ગ્રાહકોની જાણ બહાર ઠગાઇ પુર્વક ગ્રાહકોના નામે સીમકાર્ડ રજિસ્ટર કરી આ ઠગાઇથી મેળવેલ સીમકાર્ડ આરોપી નં.-૩ને વેચાણથી આપી અને આરોપી નં.-૩ નાએ મેળવેલ સીમકાર્ડ બીજાના નામના તથા ઠગાઇથી મેળવેલ હોવાનું જાણતો હોવા છતા પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ આ સીમકાર્ડ પૈકી અલગ અલગ મોબાઇલ નંબરના કુલ-૦૬ સીમકાર્ડ આરોપી નં.-૪ મારફતે આરોપી નં.-૫ તથા નં.-૬ ને રૂ.૭,૦૦૦/- માં વેચાણ કરી આર્થીક નફો મેળવી અને અનુક્રમ નં.૫, ૬ નાઓએ કોઇપણ ગુન્હાહીત પ્રવુતી કરવા તથા

જુનાગઢ સી ડીવી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૨૦૧ના પકડવાના બાકી આરોપી ધિરેન અમૃતલાલ કારીયાને પોલીસ પકડથી દૂર રાખવા માટેની મદદ કરવા સારૂ જાણી જોઇને બીજાના નામે રજિસ્ટર થયેલ ઉપર મુજબના સીમકાર્ડ મંગાવી તે પૈકી એક સીમકાર્ડ આરોપી નં.-૫ના કહેવાથી ધિરેન કારીયાના ગેરકાયદેસર દારૂના ધંધાનો હિસાબ રાખનાર મુનીમ કલ્પેશભાઇ સીરીષચંદ્ર શાહને આરોપી નં.-૩ નાએ મોકલી આપેલ હોય. તેમજ આરોપી નં.-૪ નાએ આરોપી નં.-૫ ને મોકલાવેલ એપલ કંપનીના આઇફોન આઇ.એમ.ઈ.આઇ. નં. 353058110210789 માં તેમજ મો.નં. ૯૫૮૩૪૭૬૩૦૨ ના સીમકાર્ડનો આરોપી નં.-૫નાએ ઉપયોગ કરી તમામ આરોપીઓએ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીએ અગાઉ ફોજ. પરચુ .અરજી નં. ૮૧૬ /૨૫ થી જામીન અરજી કરેલી જે નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં રજુઆત છે કે, ગુન્હાની ગંભીરતા જોતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નાસી-ભાગી જવાની પણ પુરી શકતા રહેલી છે અને અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોય જામીન મુકત થયે આવા પ્રકારના ગુન્હા આચરશે જે તમામ હકીકતે તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકતે અરજદાર/ આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપીની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૮(૨), ૩૧૬ (૫), ૩૧૯, ૩૩૬(૩), ૩૪૦, ૫૪ તથા આઈ. ટી. એકટની

કલમ–૬૬(સી), દુરસંચાર અધિનિયમ એકટની કલમ–૪૨(૩)સી મુજબના ગુનાનો આક્ષેપ છે.હાલના અરજદાર /આરોપી સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા. ૦૨/૦૮/૨૫ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આમ, હાલની અરજી અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૪ની કલમ ૪૮૩ નીચે અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

**(૫.૨)** જામીન અરજી લગત નિર્ણય કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાના માપદંડ શું હોવા જોઈએ તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટએ Ajwar and Others V/S Waseem and Another (2024 (0) AIJEL-SC 73697) ના ચુકાદામાં પારા ૨૬માં ઠરાવેલ છે તે આ તબકકે જોવાનું હું ઉચીત માનું છું. જે જોઈએ તો,

26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.

**(૫.૩)** નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત ચુકાદાના પરીમાણોને હાલના કેસમાં લાગુ કરતા અને બંને પક્ષોના વિ. વ. શ્રીઓની રજુઆતો અને કેસ પેપર્સ વંચાણે લેતા, આક્ષેપીત ગુનાના કામે આરોપી સામે ફરીયાદ તથા તપાસના કાગળો જોતા અરજદાર/આરોપી સામે ખોટા નામે ઠગાઈ કરવાનો,

ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવાનો અને ખોટો દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવાનો અને ઈલેકટ્રોનીક ઓળખ સુવિધાનો કપટપુર્ણ અથવા અપ્રમાણિક રીતે ઉપયોગ કર્યાનો અને ટેલીકોમ્યુનીકેશન ઓળખકર્તાઓ સાથે એકબીજાની મદદગારીમાં ચેડા કરવાનો આક્ષેપ છે.

હાલના આરોપીનો ગુનામાં રોલ જોતા તેઓએ સહઆરોપી ભરત પરમાર રહે. રાધનપુર વાળાને ઠગાઈ પુર્વક ગ્રાહકોની જાણ બહાર સીમકાર્ડ રજીસ્ટર કરી, તે સીમકાર્ડનો વેચાણ કરી આર્થીક લાભ લીધાનો આક્ષેપ છે. વધુમાં આ કામે તા. ૧૮/૧૨/૨૦૨૫ના રોજ ચાર્જશીટ થયેલાની હકીકત જણાવવામાં આવેલ છે. પરંતુ ચાર્જશીટ રજુ થયા બાદ બદલાયેલ સંજોગોને હીસાબે હાલની અરજી અરજદારે જામીનમુકત થવા કરેલી છે તેમજ આરોપી પરમ કારીયાને નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જામીન મળેલા હોય, પેરીટીનો લાભ આપવા રજુઆત થયેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Kalyan Chandra Sarkar vs. Rajesh Ranjan @ Pappu Yadav and Anr., (2004 (7) SCC 528) માં ઠરાવવામાં આવેલ છે. વળી નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Jameel Ahmad vs. Mohammed Umair Mohammed Haroon & Anr. (2022 LiveLaw (SC) 222) માં ઠરાવવામાં આવેલ છે કે, જામીનનો હુકમ અદાલતની વીવેકબુધ્ધિને આધીન છે અને તે હુકમ વીવેકપુર્ણ રીતે અને ચોકકસ સ્થાયી પરીમાણોનો ઉપયોગ કરીને અદાલતે કરવો જોઈએ. ગુનો જેટલો ગંભીર હોય જામીન નકારવાની શકયતા તેટલી વધુ હોય છે. જો કે આ કવાયત દરેક કેસના વાસ્તવીક હકીકતો ધ્યાને લઈ થવી જોઈએ. અદાલતે અન્ય બાબતો સાથે આરોપીએ ગુનો કર્યો છે કે કેમ અને ગુનાની ગંભીરતા અને આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના વીગેરે દ્રષ્ટિકોણ

ધ્યાને લેવા જોઈએ. જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન બને છે અને પ્રથમ દ્રષ્ટિએ આ વિશ્લેષણ રેકર્ડ આધારે કરવામાં આવે છે અને નીર્ણાયક નીષ્કર્ષ માટે અદાલતે રેકર્ડ પરના પુરાવાઓની વીગતવાર તપાસ કરી ગુંચવાવું ન જોઈએ તેમ ઠરાવેલ છે. આ કામે ફરીયાદપક્ષની રજુઆત અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવાનું આ કામે ઉચીત જણાતું નથી. કારણ કે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જામીન મુકત થયેલ આરોપીનો રોલ અને હાલના આરોપીનો ગુનામાં રોલ અલગ જણાય છે. આ કામે ગુનાનો વ્યાપ અને દરેક આરોપીનો ગુનામાં રોલ સમાન જણાતો નથી જેથી અસાધારણ સંજોગો અને અસમાનતાઓ દરેક આરોપીના ગુનામાં ભજવાયેલા ભાગ સબંધે જણાતી હોય, હાલના આરોપીને પેરીટીનો લાભ આપવાપાત્ર જણાતું નથી. વધુમાં જામીન અરજી જે તે કેસના મેરીટસ આધારે જોવાની હોય, અને અલગ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચોકકસ અવલોકનો આધારે તે નીર્ણીત કરી શકાય નહી પરંતુ અદાલતે વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી નીર્ણીત કરવી જોઈએ. જેથી હાલના કેસના સંજોગો જોતા આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના જણાય છે. વળી, જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જોતા આ કામે આરોપીઓ સામે ગંભીર ગુનાનો આક્ષેપ હોય, આ પ્રકારના ગુનાઓ હાલના સમયમાં ખુબ જ મોટા પ્રમાણમાં વધેલ હોય, જનમાનસમાં તેની વીપરીત અસર થતી હોય પ્રથમ દ્રષ્ટિએ આ રેકર્ડ આધારે વિશ્લેષણ કરવામાં આવતા આરોપીને ચાર્જશીટ થયા બાદ પણ જામીન ઉપર મુકત યોગ્ય જણાતું નથી. વળી, જામીન પર મુકત કરવાનો

હુકમ કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષે વ્યકત કરેલ દહેશત બનાવનું સ્વરૂપ જોતા નકારી શકાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગો તથા બનાવનું સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતું ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

–// હુકમ //–

હાલના અરજદાર/આરોપી ચંદનકુમાર અક્ષયનકુમાર મોહન્તી, હાલ જીલ્લા જેલ, જુનાગઢવાળાએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૧૮૦/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૧૩ મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ– જુનાગઢ

તારીખ– ૧૩/૦૩/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)

પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,

જુનાગઢ.(જજ કોડ– GJ01005).